# મૌખિક સંસ્કૃતિની અક્ષર સંસ્કૃતિને ટપાલ | કાનજી પટેલ

[**'મારી લોકયાત્રા'** : લેખક : ભગવાનદાસ પટેલ, પ્રકાશક : નયન સૂર્યાનંદ લોકપ્રતિષ્ઠાન, મુંબઈ, હિંમતનગર, પૃ. ૧૮+૧૪૨, રૂ. ૧૨૫/-]

લેખિત સાહિત્યમાં બાળપણને વિષય બનાવતી કથાઓ, આત્મકથાઓ, કાવ્યો અપાર છે. તેમાં લેખક બાળપણમાંથી સામગ્રી લઈ અને કેવી રીતે અને કેવા રૂપે રજૂ કરે એના પર એ કૃતિના આયુષ્ય અને ગુણનો આધાર છે. ભૂતકાળને એક મૂલ્ય તરીકે, પુનઃ પાછા જવાના આદર્શલોક તરીકે લેખકો રજૂ કરે છે. લોકસાહિત્ય સંશોધક ડૉ. ભગવાનદાસ પટેલની 'મારી લોકયાત્રા' એમનાં બાળપણ અને યુવાનીનાં વર્ષોના ભાવાત્મક અને બૌદ્ધિક વ્યક્તિત્વને અત્યંત સંવેદનશીલ રીતે ઉપસાવતી એક માતબર યાત્રા-કહાણી છે.

ડૉ. હસુ યાજ્ઞિકે આ પુસ્તકમાં 'ચુસ્ત અને સમજપૂર્વકની હેતુનિષ્ઠાને પૂર્ણ સંયમતાટસ્થ્યથી વળગી રહ્યા'નું નોંધ્યું છે. તેઓ કહે છે તેમ 'મન હૃદયની માંગથી જ કર્યું છે.'

ડૉ. ભગવાનદાસ પટેલ કહે છે, 'મૌખિક સંસ્કૃતિની ટપાલ અક્ષર સંસ્કૃતિને આપું છું.' વળી તેઓ કહે છે, 'લોકની ટપાલ ક્યારેય પૂરેપૂરી આપી શકાતી નથી.' તેમણે 'ગુણસમૃદ્ધિથી છલકાતા સામૂહિક હૃદયમાંથી શુભ તત્ત્વને' નજર સમક્ષ રાખ્યું છે.

પોતાને જડેલાં, મનમાં વસેલાં મૌખિક કથા અને સંસ્કૃતિવાહક લોકવ્યક્તિત્વોને ચોકસાઈથી, ભાવપૂર્ણ રીતે આલેખ્યાં છે. પોતાનાં મન-હૃદય પર પડતી સઘળી અસરોને તપાસતાં, સામેલ થતા જતાં તેમણે બાળપણથી સાઠ વર્ષ સુધીની કથા સંયમપૂર્વક કહી છે. આત્મકથાનાં, નવલકથાનાં, સ્મરણકથાનાં તત્ત્વોને પરસ્પરમાં ભેળવ્યાં છે. ભૂત-રાગ, રોમેન્ટીકરણ અને આત્મકેન્દ્રિતા વિના માત્ર અને માત્ર લોકકેન્દ્રિતામાં વ્યક્તિ ચેતનાના નાના સરખા અંશની સંતુલિત ક્રિયા-પ્રતિક્રિયાના જાગ્રત અને રસિક આલેખન તરીકે 'મારી લોકયાત્રા' એક નક્કર સાંસ્કૃતિક જીવનાનુભવનું બયાન કરે છે. એ લોક તરફ દોરી જતાં બળોનો અહીં સૂક્ષ્મ સંવેદનહિસાબ છે. એક સાક્ષી ચેતના અને જીવનલક્ષ્ય ચિત્તમાં હતાં એનાં બીજ, પ્રસ્ફુરણ, વિકસન અને ધારણ લોકતત્ત્વના સંદર્ભે થયાં એનું સહૃદયી કથન છે. લેખક કહે છે 'લોક કશું લખતો નથી, અનુભવે છે.' લોક વતી લહિયા બનેલા ભગવાનદાસ પટેલ કહે છે, 'લોકના સાન્નિધ્યમાં બેસી તેની સાથે ઓતપ્રોત થતાં તેમાં થયેલાં કેટલાંક સ્વરૂપોમાં દર્શનની આ સહજ ગાથા છે.'

સાબરકાંઠાની આદિવાસી ભીલી મૌખિક સાહિત્યની પરંપરાનાં પાંત્રીસથીયે વધુ સંપાદનો કરનારા આ લેખક પટેલ આદિવાસીની કલ્પકતાના મરમી છે. પોતાના ઉપક્રમના સારને 'મારી લોકયાત્રા'માં તેમણે મૂક્યો છે. લોકના ઋણને ચૂકવવાની લે' અક્ષરે અક્ષરે છે. પ્રસંગોમાંથી પ્રગટતો ભાવબોધ, આદિવાસી સાહિત્ય માટે ધબકતું હૈયું ભાવકને ભીંજવે છે.

કેટલાક પ્રસંગો, વિગતો –

– શૈશવમાં લીમડે રહેતા વાનરને ભાઈ ગણી ઘેર લઈ જવાની રઢ લાગી.
– મોટા દેડકાને નાના દેડકાએ ગળ્યાનું જોઈ પોતાના મન પર ઘેરું દુઃખ થયું.
– બાલસખીના મૃત્યુથી મન હાલી ઊઠ્યું.
– બળદ ખરીદીને ઘેર જતાં, બળદના મૂળ માલિક અને ખરીદનારના મન પર પાણીના માધ્યમે પશ્ચાત્તાપ.
– ખેડુની શોધ વખતે આદિવાસી કુટુંબમાં જતાં થયેલો હૃદયદ્રાવક અનુભવ.
– નદીને પાર કરતાં મોતની સન્મુખ થયા અને બચ્યા.
– પાબુ કહે છે : 'એક વેળાનું ખાઈએ નહિ તો ચાલે પણ નાચીએ-ગાઈએ નહિ તો મરી જઈએ.'
– આદિવાસી કલાકારો ભજવણીનો પુરસ્કાર નથી લેતા ને કહે છે, 'અમે ભિખારી નથી.'
– લેખકના પિતા ખેતરમાં ધાન્ય સાથે ફૂલો ઉગાડીને ટીંબે ચડી જોયા કરતા.
– 'વીરડો'ના તંત્રી હરેન્દ્ર ભટ્ટ સાથેની પ્રથમ મુલાકાત, એની અનેકવિધ અસરો ઉપરાંત અનેક સાહિત્યિક મિત્રો, લોકવિદ્યાવિદોનાં સંસ્મરણો.
– ડાકણ પ્રથા, ચરેતરું પ્રથા જોઈને આદિવાસીઓ વચ્ચે કાર્ય ઉપાડ્યું.
– છેલ્લે 'આદિવાસી અકાદમી'ની આદિવાસી જીવન અને સર્જકતા સંદર્ભે સર્વતોમુખી પ્રવૃત્તિઓનો આલેખ અને અંતિમ ફકરામાં આદિવાસી જીવનનાં વિધાયક મૂલ્યોમાંથી આધુનિક જગતે શીખવાની વાતો.

તરલ હૈયું કેવી રીતે લોકતરફી ઘડાતું ગયું ને પોતાના જીવનકાર્યને ગોઠવતું ગયું એનું કથન જીવનકથા, આત્મકથા, સર્જનાત્મક કથાની પેરે અહીં થયું છે. ઋજુ-સૌમ્ય એવા ભગવાનદાસનું વ્યક્તિત્વ અહીં અનુભવાય છે. લોકની, લોકસંસ્થાની, લોકસંશોધકની કથા કહેનારો, વાંચનારો છેવટે પોતાના હૈયે મધનો સંચય કરતો જાય છે. એ સંચય દરેકનો પોતીકો હશે. હર હૈયે સ્પર્શી જતા શબ્દની લીલાની આ યાત્રા છે. મેઘાણી પછીનાં પચાસ વર્ષોમાં ગુજરાતમાં થયેલા એક વિરલ આદિવાસી સાહિત્ય-સંશોધકના ભાવાત્મક અને બૌદ્ધિક વ્યક્તિત્વને જાણવાની સહૃદયી તક આ પુસ્તકમાં ભાવકને મળી છે. એ માટે ગુજરાતી સાહિત્ય તેમનું ઋણી છે. લેખકનો સ્નેહશ્રમ લોક માટે સાંસ્કૃતિક ઉપક્રમનાં વ્યાપ અને મહત્ત્વનો અંદાજ પ્રતિશબ્દે આપે છે. ડૉ. પટેલે સંપાદિત કરેલા આદિવાસી મૌખિક પરંપરાના સાહિત્ય સુધી વાચકને જરા પ્રેરે એવું આ લોકયાત્રાનું આંતરિક વિત્ત છે.

મૌખિક સંસ્કૃતિ અને લેખિત સંસ્કૃતિ બે વચ્ચેના પ્રગટ અને છૂપા ગજગ્રાહ અને સંવાદ હજારો વર્ષોથી જગતમાં ચાલે છે. એ ગજગ્રાહ અને સંવાદને નોખી રીતે તપાસવાનો પ્રયાસ 'મારી લોકયાત્રા'માં થયો છે. આ પુસ્તકનું આગળ પડતું તત્ત્વ છે – સ્નેહભર્યો સહૃદયી સંવાદ. આવા સંવાદ માટે લેખકને આભારભર્યા અભિનંદન.